ગાંધીનગર સમાચાર
પાના નંબર :- ૦૮
તારીખ :- ૨૮/૦૨/૨૦૨૬

# ગાંધીનગરના આંગણે ઈલેક્ટ્રિક ક્રાંતિ : માર્ચથી દોડશે ૧૦૦ 'પીએમ ઈ-બસ', મેટ્રોની જેમ જ મુસાફરી થશે

## બસમાં મુસાફરી માટે ટ્રેનની જેમ સ્માર્ટ કાર્ડનો ઉપયોગ કરી શકાશે

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના નગરજનો માટે આંતરિક પરિવહનના ક્ષેત્રે એક નોંધપાત્ર બદલાવ આવી રહ્યો છે. સ્માર્ટ સિટી ગાંધીનગરમાં હવે ટૂંક સમયમાં જ પ્રથમવાર ઈલેક્ટ્રિક સિટી બસ સર્વિસ શરૂ થવા જઈ રહી છે. કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી 'પીએમ ઈ-બસ યોજના' હેઠળ ગાંધીનગરને કુલ ૧૦૦ ઈલેક્ટ્રિક બસો ફાળવવામાં આવી છે, જેનાથી શહેરનું ટ્રાન્સપોર્ટ નેટવર્ક સંપૂર્ણપણે બદલાઈ જશે.

કોર્પોરેશન દ્વારા આ પ્રોજેક્ટને બે તબક્કામાં અમલી બનાવવામાં આવશે. પ્રથમ તબક્કો અન્વયે આગામી માર્ચ મહિના સુધીમાં ૫૦ બસોની ડિલિવરી સાથે સેવાનો પ્રારંભ થશે. જ્યારે બીજો તબક્કો મુજબ ચાલુ વર્ષના અંત સુધીમાં બાકીની ૫૦ બસો પણ કાફલામાં સામેલ થઈ જશે. આ બસ સર્વિસની સૌથી મોટી વિશેષતા તેની 'ઓટો ફેર કલેક્શન સિસ્ટમ' છે. મુસાફરોને હવે પરંપરાગત ટિકિટ બારી કે કંડક્ટર પર નિર્ભર રહેવું નહીં પડે મુસાફરોને સ્માર્ટ કાર્ડ સુવિધા ઉપલબ્ધ થશે મેટ્રો ટ્રેનની જેમ જ આ બસોમાં મુસાફરી કરવા માટે 'સ્માર્ટ કાર્ડ'નો ઉપયોગ કરી શકાશે. વિદ્યાર્થીઓ માટે રાહત કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

અનુસંધાન પાના નંબર :- ૦૭ ઉપર

## ઈલેક્ટ્રિક ક્રાંતિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે, ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે અલગથી સ્માર્ટ કાર્ડ ઈશ્યૂ કરવામાં આવશે. સેલ્ફ-સર્વિસ ઉપલબ્ધ રહેશે જેમાં મુસાફરોએ પોતે જ ડિજિટલ માધ્યમથી ટિકિટ લેવાની રહેશે, જે સિસ્ટમને વધુ પારદર્શક અને ઝડપી બનાવશે. મુસાફરોની સુરક્ષા અને સમયપાલન માટે તમામ બસોને ટ્રેકિંગ સિસ્ટમથી સજ્જ કરવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકાના સ્માર્ટ સિટી કંટ્રોલ રૂમ સાથે આ બસોનું સીધું કનેક્ટિંગ હશે, જેના આધારે બસોનું રિયલ ટાઈમ લોકેશન મેપિંગ, કયા સ્ટોપ પર બસ કેટલા વાગ્યે પહોંચી અને કેટલી મોડી છે તેની વિગતો, કોઈ ડ્રાઈવર સ્ટોપ પર બસ ઉભી રાખવામાં નિષ્ફળ જાય તો તેની ત્વરિત જાણકારી, દરેક રૂટ પર મુસાફરોની સંખ્યા અને તેમાંથી થતી આવકનો સચોટ ડેટા સહિતની બાબતોનો ખ્યાલ રાખવામાં આવશે.

હાલમાં કોર્પોરેશનની આ હાઈટેક સિસ્ટમના સુચારુ સંચાલન માટે લાયક એજન્સીની શોધ કરી રહી છે. આ સર્વિસ શરૂ થતાની સાથે જ ગાંધીનગરના નાગરિકોને પ્રદૂષણ મુક્ત, સસ્તી અને અત્યાધુનિક પરિવહન સુવિધા ઉપલબ્ધ થશે.